# સલમાન ખાન આ વરસે પનવેલના ફાર્મ હાઉસમાં ગણેશોત્સવ ઉજવશે

## મુંબઈના ઘરનું રિનોવેશન ચાલતું હોવાથી આ નિર્ણય લેવાયો છે



સલમાન ખાન ગણેશચતુર્થીના દિવસે ગણેશ સ્થાપના પણ ધામધૂમથી કરે છે. છેલ્લા ૧૧ વરસથી સલ્લુમિયા ગણેશ સ્થાપના વાંદરાના તેના નિવાસસ્થાન ગેલેક્સી એપાર્ટમેન્ટમાં કરે છે. પરંતુ આ વરસે ઘરનું રિનોવેશન ચાલતુ હોવાથી તેણે નવી મુંબઈ નજીક આવેલા પનવેલ ખાતેના ફાર્મ હાઉસમાં ગણેશોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે. સલમાન ખાનના પિતા સલીમ ખાને આ વાતને સમર્થન આપતાં કહ્યું હતું કે, 'એ સાચું છે કે આ વરસની ગણેશ ચતુર્થીની ઊજવણી અમે પનવેલના ફાર્મ હાઉસમાં કરવાની યોજના બનાવી છે. અમારા વાંદરાના ઘર ગેલેક્સી અપાર્ટમેન્ટમાં રિનોવેશન ચાલતું હોવાથી અમારે આ નિર્ણય લેવો પડ્યો છે. સલમાનની બન્ને બહેનો અલ્વિરા અને અર્પિતા ૯ સપ્ટેમ્બરથી શરૂ થનારા આ ગણેશોત્સવનાં ત્રણ દિવસ પહેલા પનવેલ ફાર્મ હાઉસ પહોંચી જવાના છે. એટલું જ નહીં આ બન્ને બહેનોએ ખાવા-પીવાની તેમજ આમંત્રિતોની આગતા-સ્વાગતા કરવાની જવાબદારી લીધી છે. સલમાનને ત્યાં ગણેશ સ્થાપનનું આ ૧૨મું વરસ છે. તેની શરૂઆત તેની નાની બહેન અર્પિતાના કહેવાથી થઇ હતી. આ દિવસો દરમિયાન સલમાનનો પરિવાર માંસાહાર તેમજ આલ્કોહોલથી દૂર રહે છે. સલમાનની માતાનાં હાથે બનાવેલી સ્વાદિષ્ટ મોદક, પૂરી અને બટાકાના શાકનો આનંદ પૂરો પરિવાર લે છે.

# પત્ની કાજોલ માટે સ્ક્રિપ્ટ તૈયાર ન હોવાનું અજય દેવગણે કબૂલ્યું

## કાજોલને માત્ર સારી ભૂમિકામાં જ રસ હોવાથી તેને લાયક સ્ક્રિપ્ટ માટે અત્યારે સમય ન હોવાનો ખુલાસો



અજય દેવગણ અત્યારે તેની આગામી ફિલ્મ 'સત્યાગ્રહ'નાં પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે તેણે સ્પષ્ટપણે એમ જણાવ્યું હતું કે અત્યારે તે દિગ્દર્શન ક્ષેત્રે પાછો ફરે એ શક્યતા નહિવત છે. આ ઉપરાંત તેણે એમ પણ કહ્યું હતું કે, 'પત્ની કાજોલ સાથે પોતાના દિગ્દર્શન હેઠળની કે બીજાનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મમાં કામ કરવાની હાલની મારી કોઇ જ યોજના નથી.'

'ફિલ્મનો અભિનેતા, દિગ્દર્શક કે બેનર જોઇને કાજોલ ફિલ્મની પસંદગી કરતી નથી હા! તેને મિત્રો સાથે અને કુટુંબીજનો સાથે કામ કરવાનું ગમે છે, પણ ફિલ્મનું ચરિત્ર તેને ન ગમે, તો તે ફિલ્મ કરતી નથી. હું તેનો સંપર્ક ત્યારે જ કરીશ, જ્યારે તેને કાંઇક સારું ઓફર કરી શકું.

અત્યારે મારી પાસે એવી કોઇ પટકથા તૈયાર નથી. મારે દિગ્દર્શન કરવું છે, પણ એવી કોઇ તાત્કાલિક યોજના નથી,' એમ અજય દેવગણે જણાવ્યું હતું.

'ગોલમાલ સિરીઝ' થી માંડીને 'સન ઓફ સરદાર' અને હવે 'સત્યાગ્રહ' અજય દેવગણ સતત પોતાની ભૂમિકાઓ સાથે પ્રયોગ કરતો રહે છે. 'કોઇ ખાસ પ્રકારની ભૂમિકા છે પ્રવાહને વળગી ન રહેવાનો હું પ્રયાસ કરું છું. પછી ભલે એ કોમેડી ફિલ્મ હોય કે ગંભીર ફિલ્મ,' એ આ અભિનેતાએ જણાવ્યું હતું.

'રોહિત શેટ્ટીને અત્યારે મળેલી સફળતાથી હું ખૂબ જ ખુશ છું. એ મારો સારો મિત્ર છે અને સારો ફિલ્મ સર્જક પણ છે. તેને સફળતા મળે એ જરૂરી જ છે, અને તેને મળેલી સફળતાનો આનંદ મને પણ છે. હવે હું 'સિંઘમ-ટુ'ને શરૂ કરવામાં જરાય ઢીલ થાય એમ ઈચ્છતો નથી, એમ અજય દેવગણે જણાવ્યું હતું.

# જોન અબ્રાહમના રવાડે આયુષમાન સિક્સ પેક બનાવવા તત્પર



જોન અબ્રાહમ સાથે કામ કરનારા લોકોના મન પર બોડી બિલ્ડિંગનું ભૂત ભરાઇ જાય છે. જોનનના બેનર હેઠળ બનેલી ફિલ્મથી બોલીવૂડમાં પદાર્પણ કરનાર આયુષમાન ખુરાના પણ બાવડેબાજ બનવાના રવાડે ચડી ગયો છે. આયુષમાનના નજદીકના સૂત્રોના જણાવ્યા મુજબ તે યશરાજની ફિલ્મમાં સ્કવોશ પ્લેયરનું પાત્ર ભજવી રહ્યો છે. રૂપેરીપડદે વારંવાર પોતાનું સ્નાયુબદ્ધ શરીર દર્શાવવું જરૂરી હોવાથી અભિનેતા સિક્સ પેક બનાવવામાં લાગી ગયો છે.

જો કે આયુષમાન સાથે કામ કરી ચૂકેલા એક અભિનેતાની વાત સાચી માનીએ તો, જોનનની દેખાદેખીમાં તે આ બધું કરી રહ્યો છે. જોનના બેનર તળેની 'હમારા બજાજ'માં પોતાના પાત્ર સાથે મેળ ખાવા આયુષમાન 'સિક્સ પેક' બનાવવા મંડી પડયો છે. થોડા દિવસો પહેલા એક ઈવેન્ટમાં અભિનેતાએ આ ફિલ્મ બાબત થોડી વાત કરી હતી. આ ફિલ્મ આગામી એપ્રિલ સુધીમાં ફ્લોર પર જાય તેવી શક્યતા છે.

# યુક્તા મુખીનાં પતિએ જવાબ ફાઈલ કરવા વધુ સમય માગ્યો

### કોર્ટે આગામી સુનાવણી ૨૮ ઓગસ્ટે રાખી



નીચલી અદાલતે આપેલા વચગાળાનાં જામીનને પડકારતી ભૂતપૂર્વ મિસ વર્લ્ડ યુક્તા મુખીની અરજીનો જવાબ આપવા તેના પતિ પ્રિન્સ તુલીએ વધુ સમયની માંગણી કરી છે.

યુક્તા મુખીએ ગયા મહિને તેના પતિ, સાસુ સસરા અને નણંદ વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી હતી. તે સિવાય તેણે તેના પતિ વિરુદ્ધ અનૈસર્ગિક સેક્સની ફરિયાદ પણ નોંધાવી હતી.

જેને પગલે પ્રિન્સના પિતા માતા અને બહેનોએ આગોતરા જામીન માટે સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. બાદમાં કોર્ટે સુનાવણીની તારીખ પાછી ઠેલીને ૩૧ ઓગસ્ટ સુધી તેમની ધરપકડ ન કરવાનો આદેશ આપીને વચગાળાનાં જામીન આપ્યા હતા. દરમિયાન પ્રિન્સે જવાબ ફાઈલ કરવા વધુ સમયની માંગણી કરી હતી.

જજે આગામી સુનાવણી ૨૮ ઓગસ્ટનાં રોજ રાખી છે.

# બોલીવૂડ સ્ટાર સની દેઓલ સર્વિસ ટેક્સ નહીં ચૂકવે તો ધરપકડ થશે

## 'યમલા પગલા દીવાના' ફિલ્મના નિર્માતા- દિગ્દર્શક સમીર કર્ણિકની આ પ્રકરણમાં ધરપકડ બાદ છુટકારો



બોલીવૂડના સ્ટાર અને ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલ ૧.૯૫ કરોડ રૂપિયા સર્વિસ ટેક્સ ન ચૂકવતા તેની વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. નિર્ધારિત મુદતમાં આ રકમ નહીં ચૂકવે તો તેની ધરપકડ કરવામાં આવશે.

આ મામલો 'યમલા પગલા દીવાના' ફિલ્મના કોપીરાઈટના વેચાણમાંથી થયેલી આવક ઉપર સર્વિસ ટેક્સ ન ચૂકવવાનો છે. ફિલ્મના નિર્માતા- દિગ્દર્શક સમીર કર્ણિકની આ ફિલ્મના કોપીરાઈટના વેચાણમાંથી થયેલી આવક ઉપર ૧ કરોડ ૧૮ લાખ સર્વિસ ટેક્સ ન ચૂકવવા બદલ સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટે તત્કાળ કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરી હતી. ગઈકાલે બપોરે તેમને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે બે લાખના જામીન પર છોડયા હતા.

સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટ (યુનીટ-બે)ના ડેપ્યુટી કમિશનર સમીર વાનખેડેએ એક મરાઠી દૈનિકને જણાવ્યું હતું કે સર્વિસ ટેક્સ ખાતાને ધરપકડ કરવાની સત્તા મળ્યા પછી પહેલવહેલી ધરપકડ કર્ણિકની કરવામાં આવી હતી. 'યમલા પગલા દીવાના' ફિલ્મના હક્કો તેમણે એક કંપનીને વેંચ્યા હતા. હક્કો ખરીદનારા કંપની પાસેથી કર્ણિકે સર્વિસ ટેક્સની રકમ લઈ લીધી હતી. પરંતુ સર્વિસ ટેક્સ ડિપાર્ટમેન્ટને આ રકમ ચૂકવી નહોતી. આથી બુધવારે તેમની ઓફિસ પર જઈ હિસાબ- કિતાબ તપાસીને કારવાઈ હાથ ધરવામાં આવી હતી.

આજ મામલાની તપાસ દરમ્યાન સની દેઓલે પણ ૧.૯૫ કરોડનો સર્વિસ ટેક્સ ભર્યો ન હોવાનું જાણવા મળ્યું હતું. એટલે તેની વિરુધ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. સમયસર તે ટેક્સ ભરશે નહીં તો તેની પણ ધરપકડ કરવામાં આવશે.

# 'બેશરમ' માટે રણબીર કપૂરે હિરોઈન તરીકે કેટરિનાની ભલામણ કરી હતી

## પરંતુ દિગ્દર્શક અભિનવ કશ્યપે તેની વાત સ્વીકારી નહીં



હાલ 'બેશરમ'ના 'પ્રોમો' ધૂમ મચાવી રહ્યા છે તેવામાં એક રસપ્રદ વાત જાણવા જેવી છે. આ ફિલ્મમાં રણબીરની હિરોઈન પલ્લવી શારદા છે. આ ફિલ્મ દ્વારા તેને બોલીવૂડમાં બ્રેક મળ્યો છે. સૂત્રોની વાત સાચી માનીએ તો રણબીર આ હિરોઈન સાથે પહેલાં કામ કરવા રાજી ન હતો. તેણે કેટરિનાને ફિલ્મમાં લેવા માટે દિગ્દર્શક અભિનવ કશ્યપ પર દબાણ કર્યું હતું, પરંતુ દિગ્દર્શક એક નો બે થયો નહોતો. એક ચેનલના અનુસાર રણબીર નહોતો ઈચ્છતો કે પલ્લવી આ મોટા પ્રોજેક્ટનાં હિસ્સો બને તેણે તો પોતાની પ્રિયતમા-નાયિકા કેટરિના કૈફની ભલામણ કરી હતી, પરંતુ અભિનવ કશ્યપ પોતાના નિર્ણય પર અડગ રહ્યો હતો. અભિનવનું માનવું હતું કે પલ્લવી તેની ફિલ્મના પાત્ર માટે વધુ યોગ્ય છે અને તેણે રણબીરની વાત માની નહીં.

બોલીવૂડમાં એક એવી પણ ચર્ચા છે કે પલ્લવી અને અભિનવના સંબંધ દોસ્તીથી ઘણા વધુ આગળ વધી ગયા છે અને તેથી જ કદાચ તેમણે રણબીરની વાત માની નહોતી. રણબીર કેટરિનાને 'બેશરમ'ની હિરોઈન બનાવવા ઈચ્છતો હતો જેથી વધુમાં વધુ સમય તેની સાથે પસાર કરી શકે પરંતુ તેની ઈચ્છા અધુરી રહી ગઇ.

# તારીખોનું બહાનું આગળ ધરીને સૈફ એક એવોર્ડ સમારોહમાંથી ખસી ગયો



## હવે આ સમારોહનું સંચાલન બોમન ઈરાનીને સોંપવામાં આવ્યું

સૈફટા એવોર્ડસ સમારોહના સંચાલક તરીકે સૈફ અલી ખાનની પસંદગી થઈ હતી, પરંતુ સમારોહને બે સપ્તાહ જ બાકી હતા ત્યારે સૈફ આ શોમાંથી ખસી ગયો હતો.

જાણવા મળ્યા પ્રમાણે છેલ્લી ઘડીએ આ શો છોડવા પાછળ સૈફે તારીખોનું જૂનું અને જાણીતું કારણ આગળ ધર્યું હતું. આ સમારોહના સંચાલક બનવા માટે તેણે તેની તારીખોની ડાયરી જોયા પછી જ સંમતી આપી હોવા છતાં છેલ્લી ઘડીએ તે તેના વચનમાંથી ફરી ગયો હતો, ''હા, હવે સૈફને સ્થાને બોમન ઈરાનીની અમે પસંદગી કરી છે. સૈફમાં લોકોનું મનોરંજન કરવાની કુનેહ છે અને તે સારી કોમેડી પણ કરી જાણે છે એટલે અમે એને પસંદ કર્યો હતો, પરંતુ મને લાગે છે કે આ સમારોહમાંથી ખસી જવા માટે તી પાસે યોગ્ય કારણ છે. બોમને અમને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યા હોવાથી અમે તેના ઋણી છીએ,'' એમ સૂત્રે કહ્યું હતું. ભૂતકાળમાં બોમને ઘણા એવોર્ડસ સમારોહનું સંચાલન તેમજ સહ-સંચાલન કર્યું છે. આ ઉપરાંત આ ટેલન્ટેડ કલાકારે આંતરરાષ્ટ્રીય તખ્તા પર પણ તેની આવડતનો પરિચય કરાવ્યો છે. આ સમારોહને પણ તે જ રીતે ન્યાય આપીને વાહ-વાહ મેળવી જાય એવી આશા વ્યક્ત કરી શકાય છે.

# ઉદય ચોપરા અને નરગિસ ફખ્રીએ થિયેટરમાં એકાંત માણ્યું

## પોતાની નવી ફિલ્મ જોવા બે જણ માટે અભિનેત્રીએ આખુ થિયેટર બુક કરાવ્યું



નરગિસ ફખરી અને ઉદય ચોપરા ભલે જાહેરમાં પ્રેમ નો એકરાર કરતા નહીં હોય અને અમારી વચ્ચે પ્રેમ નથી'' એવો નનૈયો ભણતા હોય, પરંતુ સત્ય તો કંઈ અલગ જ છે. તાજેતરમાં બન્ને 'મદ્રાસ કેફે' જોતા જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં નરગિસે મુખ્ય ભૂમિકા ભજવી છે. આમાં રસપ્રદ વાત તો એ છે કે ફિલ્મ રિલિઝ થતા પહેલા જ બન્નેએ જે થિયેટરમાં બેસીને ફિલ્મ જોવાનો આનંદ માણ્યો તેમાં એ બન્ને સિવાય કોઈ હતા જ નહીં.

જે થિયેટરમાં આ બન્નેએ 'મદ્રાસ કાફે'નો સ્પેશિયલ શૉ રાખ્યો હતો, ત્યાં હાજર રહેલી એક વ્યક્તિના જણાવા પ્રમાણે બન્નેએ છવાગ્યાનો શો જોયો હતો અને નવ વાગે બન્ને નીકળી ગયા હતા. ત્યાર બાદ જોન અબ્રાહમે આ જ થિયેટરમાં પોતાના મિત્રો માટે શો રાખ્યો હતો જે માટે તેટલો રોકાયા નહોતા. નરગિસ અને ઉદયે એકસાથે થિયેટરમાં સમય વિતાવ્યો હતો. પરંતુ બન્ને અલગ-અલગ દરવાજામાંથી બહાર નીકળીને અલગ-અલગ કારમાં જતા રહ્યા હતા.

નરગિસે થોડા સમય પહેલાં એટલું જ કબૂલ્યું હતું કે તે ઉદયને જાણે છે, પરંતુ તેના પ્રત્યેના પ્રેમનો તેણે ઈનકાર કર્યો હતો.

# જોન અબ્રાહમની નિર્માતા તરીકેની બીજી ફિલ્મ સડસડાટ ભાગવા લાગી

## પહેલા 'વીક એન્ડ'માં આ ફિલ્મે રૂા. ૨૧ કરોડની કમાણી કરી : માઉથ પબ્લિસીટીથી ફિલ્મ વધુ ઉંચકાવાની શક્યતા



જોન અબ્રાહમ નિર્મિત- અભિનીત ફિલ્મ 'મદ્રાસ કાફે'ને પહેલે દિવસે શુક્રવારે સારું ઓપનિંગ મળ્યાં બાદ હવે આ ફિલ્મ સડસડાટ દોડવા લાગી છે. ભલે એને શાહરૂખ ખાનની ફિલ્મ જેવું જબરદસ્ત ઓપનિંગ નથી મળ્યું, પણ પહેલાં જ 'વીક એન્ડ'માં આ ફિલ્મે રૂા. ૨૧.૧૦ કરોડની કમાણી કરી લીધી છે. જેમાં શુક્રવારે રૂા. ૬.૫૦ કરોડ, શનિવારે રૂા. ૭.૧૦ કરોડ અને રવિવારે ૭.૫૦ કરોડનો સમાવેશ થાય છે.

આ ફિલ્મનાં શુક્રવારના મોર્નિંગ શોનું ઓપનિંગ સારું નહોતું. પણ પછી અખબારોમાં આવેલાં પોઝીટીવ રિવ્યૂ અને માઉથ પબ્લિસીટીને કારણે આ ફિલ્મનાં શો ધીરે ધીરે 'હાઉસફુલ' થવા લાગ્યા હતા.


મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોનારાં દર્શકોએ આ ફિલ્મને વખાણતાં આ ફિલ્મે 'વીક એન્ડ'માં સારો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મને મળેલી સફળતાના અનેક કારણો છે. 'રિયાલિસ્ટીક' ફિલ્મમાં મનોરંજનનું તત્ત્વ ભેળવવામાં આવે તો એ આજના યુવાનોને આકર્ષી શકે છે. 'યહાં' અને 'વિકી ડોનર' પછી દિગ્દર્શક સૂજીત સિરકારની વધુ આ ત્રીજી ફિલ્મ છે. ત્રીજું કારણ એ છે કે એક અભિનેતા તરીકે સફળતા મેળવ્યાં પછી હવે જોન અબ્રાહમે એક નિર્માતા તરીકે પણ વિશ્વસનિયતા મેળવવા માંડી છે.

આવતાં અઠવાડિયે પ્રકાશ ઝા દિગ્દર્શિત મલ્ટિસ્ટારર ફિલ્મ 'સત્યાગ્રહ' રજૂ થવાની છે, એ અગાઉ 'મદ્રાસ કાફે' હજી કેટલું ટકે છે એ જોવું રસપ્રદ સાબિત થશે. 'સત્યાગ્રહ'માં અમિતાભ બચ્ચન, અજય દેવગણ, અર્જુના રામપાલ, મનોજ બાજપાઈ, કરીના કપૂર અને અમૃતા રાવ જેવાં કલાકારો છે, ત્યારે જ્હોન અબ્રાહમ અને નરગીસ ફખ્રીની આ ફિલ્મ પર પણ બધાંની નજર રહેશે જ.

જોન અબ્રાહમની નિર્માતા તરીકેની પહેલી ફિલ્મ 'વિકી ડોનર' નાની ફિલ્મ હોવા છતાં લાંબો સમય સુધી થિયેટરોમાં રહી હતી, તેનાં કારણે તેને સફળતા મળી હતી એ રીતે 'મદ્રાસ કાફે' લાંબા સમય સુધી થિયેટરો ગજાવશે તો તેને સફળતા જરૂર મળશે.



પુત્રી વિધિકાના જન્મ દિવસની પાર્ટીમાં દીપશીખા તેની બહેનપણીઓ સાથે મનમૂકીને નાચી રહી છે.



'કૌન બનેગા કરોડપતિની 'હોટ સીટ આપકે શહર'નું અનાવરણ કરતા અમિતાભ બચ્ચન



'ગ્રાન્ડ મસ્તી' ફિલ્મના મ્યુઝિક લોન્ચમાં ફિલ્મના એક અભિનેતા રિતેશ દેશમુખે બ્રુના અબ્દુલ્લા અને સોનાલી કુલકર્ણી સાથે પોઝ આપ્યો હતો.



હોલીવૂડ એનિમેશન ફિલ્મ 'પ્લેન્સ'ના એક બિન સરકારી સંસ્થાના બાળકો માટેના એક શોમાં આ ફિલ્મમાં પોતાનો અવાજ આપનારી પ્રિયંકા ચોપરાએ હાજરી આપી હતી.



મંત્રો, સ્ત્રોત બોલતા રહીને ૧૩ વર્ષમાં ગણેશજીની બે લાખ ત્રેપન હજાર મૂર્તિઓ બનાવનાર રમાબહેન શાહે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સતત ૧૨ વાર નામ નોંધાવ્યું છે.



ઈટાલિયન સ્ટાઈલની નવી ફેશન ગાર્મેન્ટનો લોન્ચ ઈવેન્ટ તાજ લેન્ડ એન્ડ ખાતે યોજાયો ત્યારે તેનું ઉદ્‌ઘાટન સીએમએઆઈના અધ્યક્ષ રાહુલ મહેતાને હાથે થયું હતું.